AXIS BANK

CASA – AOF for Non – Individuals

શરતો અને નિયમો

હું/અમે (આ સંદર્ભમાં, "હું/અમે", "મારું/અમારું" અને "મારું/અમારું"થી ખાતા ધારકો છે) નીચે આપવામાં આવેલા નિયમો અને શરતોનું વાંચન કર્યું છે અને તે અંગે યોગ્ય સમજ કેળવીલ છે તથા આ સાથે એવું સમજવામાં આવે છે કે નિયમો અને શરતોમાં કોઈ ફેરફાર ફક્ત www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

**ખાતુ ખોલવું/સર્વિસને લગતી જોગવાઈ:** ખાતું ખોલવા સહિત તમામ સેવાઓ મારા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી/દસ્તાવેજોની ખરાઈને આધિન છે. જો આ ખાતું ખોલવામાં આવતું નથી તો હું/અમે શરૂઆતમાં ખાતામાં રૂપિયા 20,000 અથવા વધારે રોકડ રકમ જમા કરાવેલ છે તે મને ફક્ત ડીડી/ચેક અથવા પીઓ સ્વરૂપમાં પરત આપવામાં આવશે. પાકિસ્તાનની કોઈ પણ સંસ્થાએ પોતાના પ્રોજેક્ટ ઓફિસ ખાતા માટે ખાતું ખોલવાના હેતુ ભારતીય રિઝર્વ બેન્કની મંજૂરીની આવશ્યકતા રહે છે. હાલનું ગ્રાહક આઈડી: હાલના ગ્રાહકોની બાબતમાં તેમના ગ્રાહક આઈડી જાહેર નહીં કરવા તથા નવા ગ્રાહકના સ્વરૂપમાં અરજી કરવાના સંજોગોમાં બેન્ક આ પ્રકારના કિસ્સામાં કોઈપણ અગાઉની સૂચના વગર ગ્રાહક આઈડીને સંકલિત કરવાનો સુરક્ષિત અધિકાર ધરાવે છે.

**સેવાઓ:** એક્સિસ બેન્ક શ્રેષ્ઠ પ્રયત્નના આધાર પર તમામ સેવાઓ પૂરી પાડશે. મારી/અમારી પાસે ઉપલબ્ધ રહેલી સર્વિસિસની સંપૂર્ણ યાદી www.axisbank.com પર ઉપલબ્ધ બનશે.

**ફી અને ચાર્જીસ:** મારા ખાતામાં તથા મારા દ્વારા પ્રાપ્ત અન્ય સેવાઓ માટે ફી તથા ચાર્જીસ લાગૂ પડશે, જે ચાર્જીસને લગતી સૂચિમાં વર્ણન કરેલ છે અને www.axisbank.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.તમામ ફી સમયાંતરે લાગૂ થવા સાથે માલ-સામાન અને સેવા કર તથા અન્ય કાયદાકીય કરવેરા લાગૂ થશે.

**ફી અને ચાર્જીસ તથા સર્વિસિસમાં ફેરફાર:** ફી અને ચાર્જીસ, સેવાઓ, અથવા વ્યાજ દરમાં કોઈપણ પ્રકારના ફેરફાર/સ્થગિત કરવા જેવી બાબતો અંગે મને પત્ર/એસએમએસ/વેબસાઈટ/ઈમેલ અથવા અન્ય માધ્યમો મારફતે ઓછામાં ઓછા 30 દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

**રિકવરી:** જો ફી/ચાર્જીસની ચુકવણી કરવા માટે ખાતામાં ભંડોળ ઉપલબ્ધ ન હોય તો હું એક્સિસ બેન્કને કલેક્શનને લગતી પ્રક્રિયા અથવા કોઈપણ પ્રકારની જમા માટે ખાતામાં આવતી રકમ સહિત કોઈપણ ઉપલબ્ધ ક્રેડિટને સેટ ઓફ કરવા માટે અધિકૃત કરું છું.

**ખાતુ સ્થગિત કરવું:** હું/અમે બેંકને નીચે દર્શાવવામાં આવેલ પરિસ્થિતિમાં કોઈ નિર્દેશન આપવામાં આવે તે સિવાય મને જાણ કરવા સાથે મારા ખાતાને ફ્રીઝ એટલે કે સ્થગિત કરવા માટે અધિકૃત કરું છું. એ. જો બેન્કને આશંકા હોય કે મારા/અમારા ખાતામાં તમામ રોકડ, ચેક, ડીડી અને એનઈએફટી, આરટીજીએસ વગેરેના માધ્યમથી અન્ય જમા/વ્યવહારો કરવા સમયાંતરે લાગૂ કાયદા અને નિયમોને અનુરૂપ નથી અથવા તો તેનું ઉલ્લંઘન કરવામાં આવે છે તો બેંક ખાતાને ફ્રીઝ એટલે કે સ્થગિત કરી શકે છે અને હું/અમે આ પ્રકારના જમા/વ્યવહાર અંગે જવાબદાર/જવાબદારી ધરાવીશ. બી. મારા ખાતાનો દુરુપયોગ કરી નાણાકીય ગેરરીત આચરવા અથવા બિનઅધિકૃત રીત મની પૂલિંગ માટે એક ચેનલ તરીકે અથવા તો કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે થાય છે તેવી આશંકાના સંજોગોમાં. (મને આ કિસ્સામાં કોઈ નોટિસ મળશે નહીં).

**ખાતુ બંધ કરવું:** હું બેન્કને નીચે દર્શાવવામાં આવેલ કિસ્સામાં મને અગાઉથી જાણ કરીને મારું ખાતુ બંધ કરવા માટે અધિકૃતિ આપું છું: એ. ખાતામાં બેલેન્સ 3 મહિના અથવા વધારે સમય માટે શૂન્ય જળવાય; બી. મારા ખાતામાંથી ચુકવણી અસ્વીકાર્ય થવાની ઉચ્ચ ઘટનાઓ બનતી રહે; સી. એવા અન્ય ઉદાહરણ કે જે બેંક કોઈપણ કોર્ટ/બંધારણીય/નિયમનકારી સત્તામંડળો દ્વારા સમયાંતરે રજૂ કરવામાં આવતા/આદેશને લઈ કોઈ ઓર્ડર, સૂચના, દિશા-નિર્દેશ, માર્ગદર્શિકા આપે, જેને લઈ કોઈ નિર્ણય લઈ શકે છે.

**વ્યવહારો:** ખાતાના સંદર્ભમાં એક્સિસ બેંકને કોઈ પણ પ્રકારની સૂચના આપવામાં આવે કે જે પછી નાણાકીય/બિન-નાણાકીય પ્રકારી હોય (જેમ કે ચેકબુક/કાર્ડ, નાણાકીય વ્યવહારો, વ્યક્તિગત માહિતી અપડટ કરવી વગેરે) મારા દ્વારા ફક્ત અધિકૃત ચેનલોના માધ્યમથી રજૂ કરવામાં આવશે, જેને તે સમયે નિયમનકારી માર્ગદર્શિકાના આધારે બેન્ક દ્વારા દર્શાવવામાં આવશે. એક્સિસ બેંક પાસેથી એવી કોઈ અપેક્ષા રાખવામાં આવતી નથી કે તે એવી કોઈ સૂચનાઓ અંગે કાર્ય કરશે કે જે અધિકૃત માધ્યમો મારફતે આવતી નથી, અલબત અસાધારણ પરિસ્થિતિમાં આ પ્રકારની સુવિધા રજૂ કરવા માટે પોતાની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવે છે.

**ચેનલ સુવિધા:** બિન-અધિકૃત સહીકર્તા કે જે ચેનલ સેવાને લગતી સુવિધા ઈચ્છતા હોય તો તેને ચેનલ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે સહાયક દસ્તાવેજો આપવાના રહેશે.

**ચેક બૂક:** જો 1 કરોડ અને વધુ રકમના ચેક પૂરતાં ભંડોળના અભાવની સ્થિતિમાં રિટર્ન કરવામાં આવે છે, અથવા ત્રિમાસિક ગાળામાં 1 કરોડથી ઓછી રકમના 8 ચેક પૂરતા ભંડોળના અભાવની સ્થિતિમાં રિટર્ન થાય છે તો કોઈ નવી ચેક બુક ઈશ્યુ કરવામાં આવશે નહીં.

**ડેબિટ કાર્ડ:** એક્સિસ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સુવિધા વેબસાઈટ www.axisbank.com પર રજૂ કરવામાં આવેલ ચોક્કસ માર્ગદર્શિકાને આધિન છે. જો હું કોઈપણ પાસવર્ડ, પિન અથવા આઈડી/ટીએફકનેક્ટ જેવી સંવેદનશીલ માહિતી જાહેર કરું છું તો એક્સિસ બેંક છેતરપિંડીના કિસ્સામાં જવાબદાર રહેશે નહીં.